બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :



# જ્ઞાની રાજા સુલેમાન


લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Lazarus

અનુકૂલન : Ruth Klassen
Alastair Paterson

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી



નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada



©2020 Bible for Children, Inc.

પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.




દાઉદ રાજા એક મહાન માણસ હતો. તેના રાજ્યકાળ દરમ્યાન ઈસ્રાએલનં રાજ્ય શાઉલ કરતાં દસ ગણું વૃધ્ધિ પામ્યું હતું. પણ હવે તે રાજ કરી શકતો નહોતો. કેમકે તે વૃધ્ધ થઈ ગયો હતો. તે થાકી જતો અને બિમાર થઈ ગયો હતો. તેનું પૃથ્વી પરનું જીવન પુરું થવા આવ્યું હતું.





દાઉદને ઘણા દીકરા હતા. તેમાંના એક જેનું નામ અદોનીયા હતું. તેણે કહ્યું તે ઈસ્રાએલનો રાજા બનશે. જો કે તેના નામનો અર્થ "મારો પ્રભુ ઈશ્વર છે." એવો થતો હતો પણ તે સારો વ્યક્તિ ન હતો. તેણે જાણ્યું કે હવે રાજા દાઉદ સામે થવા માટે નબળો છે, તેથી તેણે રાજ્યસિંહાસન પડાવી લેવા પ્રયત્ન કર્યો. પણ ઈશ્વરની યોજના અલગ હતી.

3

દાઉદની પત્ની બાથશેબાને ખબર હતી કે તેનો દીકરો સુલેમાન રાજા બનવો જોઈએ. તેણીએ દાઉદને અદોનીયાની યોજના વિશે જણાવ્યું. તે માંદો હોવા છતાં તેણે આગેવાનોને એકઠા કર્યા અને જાહેર રીતે સુલેમાનને રાજા ઠરાવ્યો.



4

સુલેમાનને અદોનીયા સામે કોઈ સમસ્યા ન હતી. કારણ કે ઈસ્રાએલના લોકોએ દાઉદ પર ભરોસો મૂક્યો હતો. દાઉદે કહ્યું કે સુલેમાનને ઈશ્વરે રાજા થવા માટે પસંદ કર્યો છે. તે થવાના થોડા સમય પછી દાઉદ મૃત્યુ પામ્યો.



5



દાઉદ મૃત્યુ પામ્યો, તે પહેલાં તેણે સુલેમાનને ઈશ્વરની આજ્ઞા પાળવાનું તથા સારા રાજા બનવાનું સમજાવ્યું. "ઈશ્વરના રસ્તામાં ચાલજે જેથી તું જે કાંઈ કરે તે સર્વમાં સફળ થઈશ." દાઉદે તેના દીકરાને કહ્યું, તે ખૂબ જ સારી સલાહ હતી.ત્યારબાદ સુલેમાન પોતાના પિતા દાઉદની ગાદી પર બેઠો અને તેનું રાજ્ય મજબૂત બન્યું.

6

એક રાત્રે સુલેમાનને સ્વપ્ન આવ્યું. તેના સ્વપ્નમાં ઈશ્વર આવ્યા અને પૂછ્યું, "માંગ! હું તને શું આપું?" તમે એ જગ્યાએ હોય તો શું માંગો?



7

સુલેમાને ઈશ્વર પાસેથી સારા રાજા બનવા માટે બુદ્ધિ માંગી. આ જુવાન રાજાની માંગણીથી ઈશ્વર ખુશ થઈ ગયા. ઈશ્વરે તે જે કંઈ માંગ્યુ તે પણ આપ્યું પણ સાથે ખૂબ જ શ્રીમંતાઈ અને માન પણ આપ્યાં.



8


લોકોને સુલેમાન રાજાના જ્ઞાનની ખબર પડતા વાર લાગી નહીં. એક દિવસે તેની પાસે બે માતઓ, જેમની પાસે એક બાળક હતું. “આ સ્ત્રીનું બાળક આગલી રાત્રે મરી ગયું હતું, તેણે બીજી સ્ત્રી સાથે જેનું બાળક જીવતું હતું તેની સાથે પોતાના બાળકને બદલી લીધું હતું.” એક સ્ત્રીએ જણાવ્યું, ના! જીવતો બાળક મારો છે અને મરેલો તારો છે. બીજી સ્ત્રીએ જવાબ આપ્યો. હવે આ બન્નેમાં સાચી માતા કોણ છે તે રાજા કેવી રીતે જાણી શકે?
9


ત્યારબાદ રાજાએ કહ્યું, “મારી પાસે એક તલવાર લાવો.” તેઓ રાજા પાસે તલવાર લાવ્યા. આ તલવાર વડે રાજા શું કરવા જઈ રહ્યો હતો, તે વિશે તમે શું વિચારો છો?
10


અને રાજાએ કહ્યું કે “આ બાળકને કાપીને બે ભાગ કરો અને બંનેને અર્ધો અર્ધો વહેંચી આપો.” ત્યારે જે માતાનું બાળક જીવતું હતું તેણે કહ્યું કે, “ઓ મારા સ્વામી, આ સ્ત્રીને જીવતું બાળક આપી દો અને તેને મારશો નહીં.”
11


પણ બીજી માતાએ કહ્યું, “તે મારું પણ ના રહે અને તારું પણ ના રહે, એટલે તેને કાપીને બે ભાગ કરો.”
12


તેથી રાજાએ કહ્યું, “આ બાળક પ્રથમ માતાને આપી દો. તે જ ખરી માતા છે.” અને આ ન્યાય વિશે ઈસ્રાએલ લોકોએ જાણ્યું અને તઓએ રાજાને પુષ્કળ માન આપ્યું. તેઓને ખબર પડી કે ઈશ્વરનું જ્ઞાન તેની સાથે છે.
13


ઈશ્વરનું ભજન કરવા માટે ઈસ્રાએલ લોકો પાસે મંદિર નહોતું. જ્યારે દાઉદે તેને બાંધવા પ્રયત્ન કર્યો ત્યારે ઈશ્વરે તેને કહ્યું કે, “મારા નામને માટે તારો દીકરો મારું ઘર બનાવશે.” તેથી સુલેમાને યરૂશાલેમમાં અદ્‌ભૂત મંદિર બનાવવાની શરૂઆત કરી.
14


આ મંદિર બનાવવા માટે સાત
વર્ષ લાગ્યા. પણ આખરે એ
દિવસ આવી પહોંચ્યો જ્યારે
સર્વ લોકો યહોવા દેવનું મંદિર
અર્પણ કરવા તથા સુલેમાનને
સાંભળવા ભેગાં
થયાં.
15


એક અદ્‌ભૂત પ્રાર્થના કર્યા પછી
રાજાએ અને લોકોએ હજારોની
સંખ્યામાં પ્રાણીઓના બલિદાન
ચઢાવ્યાં. અને બે અઠવાડિયા
સુધી મિજબાની કરી.
16


ત્યારબાદ, ઈશ્વર ફરીથી સુલેમાનને
દેખાયા અને તેને વચન આપીને
કહ્યું કે જો તમે મારી આજ્ઞા પાળશો
તો હું તને તથા ઈસ્રાએલને
આશીર્વાદ આપીશ.
17


દુ:ખની વાત એ છે કે સુલેમાન કે તેના લોકો ઈશ્વરના
વચન પ્રમાણે સતત ચાલ્યા નહીં. રાજાએ એવી ઘણી
સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા કે જેની સાથે ઈશ્વર ઈચ્છતો ન
હતો. આ વિદેશી સ્ત્રીઓએ તેનું હૃદય મૂર્તિઓ તરફ
વાળી દીધું અને જેમ તેના પિતાનું હૃદય ઈશ્વર પ્રત્યે
હતું તેમ સુલેમાનનું હૃદય યહોવા દેવ
તરફ વફાદાર
રહ્યું નહીં.
18


જ્યારે સુલેમાને ઈશ્વરને આધિન થવાનો આ સુંદર મોકો ખોઈ નાંખ્યો ત્યારે
તેના અધિકારીઓમાંનો એક જેનું નામ યરોબામ તેને એક વિચીત્ર અનુભવ
થયો. એક પ્રબોધકે તેન કહ્યું કે, ઈશ્વર સુલેમાનનું રાજ્ય બે ભાગ કરી દેશે
અને યરોબામ ઈસ્રાએલના દસ કુળ પર રાજ્ય કરશે. યરોબામ ઝડપથી
મિસર દેશમાં નાસી ગયો. કારણ કે જો
સુલેમાન તે વિશે જાણેતો તે તેને
મારી નાંખે.
19


આખરે સુલેમાન મરી ગયો. તેના
પુત્ર રહોબામે લોકો પર તેના પિતા
સુલેમાન કરતાં પણ વધારે કર
નાંખ્યો. ઈસ્રાએલના દસ કુળોએ
બળવો પોકારીને યરોબામને
પોતાનો આગેવાન બનાવ્યો. જેમ
પ્રબોધકે ભવિષ્યવાણી કરી હતી
તેમ સુલેમાનના મોટા
રાજ્યના બે ભાગ થઈ
ગયા. ઈશ્વર જે લોકો
આજ્ઞા પાલન કરતા નથી
તેમને આશીર્વાદ આપી
શકતો નથી.
20

જ્ઞાની રાજા સુલેમાન

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

૧ રાજાઓ ૧-૧૨

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

21




22 60

22

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬

23